# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર.
# ગીરોખત

એક બાજુવાળા, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (જેને હવે પછી ટુંકાણમાં "કોર્પોરેશન" લખાવી લેનાર તરીકે સંબોધેલ છે.) જેનું ઠેકાણું બિરસા મુંડા ભવનના ભોંયતળીયે, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

બીજી બાજુવાળા : લોન લેનાર..........................................................................................તથા પિતા/વાલી.......................................લખી આપનાર જેને હવે પછી ટુંકાણમાં અમો અથવા અમારી તરીકે સંબોધેલ છે.) ઠેકાણું............................મુ............................પો............................તા............................જી..................

**અમો સહી કરનાર નીચે પ્રમાણે ગીરોખત લખી આપીએ છીએ.**

1) તમો કોર્પોરેશનની નીચેની વિગતોની રુએ અમોને રૂ............................અંકે રૂ.......................................... પુરાની લોન મંજુર કરી છે. જે રકમ અમોને મળેલ મંજુર કરેલ છે. એમ કબુલ કરીએ છીએ તેમજ કોર્પોરેશન તરફથી વખતો વખત મંજુર કરવામાં આવે તે લોનની રકમ જે અમોને મળનાર છે તે અમે કબુલ કરીએ છીએ. અને સદરહુ લોનની રકમ કોર્પોરેશન વખતો વખત ઠરાવે તે વ્યાજના દરે અને દંડનીય વ્યાજના દરે અને કોર્પોરેશનના ઠરાવ્યા પ્રમાણે ભરપાઈ કરવા કબુલ કરીએ છીએ.

| ક્રમ | નિયામક મંડળ/સ્થાયી સમિતિએ મંજુર કરેલ ધિરાણ | | વિનિયમ હેતુ/આર્થિક ઉત્કર્ષ યોજના | મંજુર કરેલ લોનની રકમ રૂ . | વ્યાજનો દર. |
|---|---|---|---|---|---|
| | તારીખ | ઠરાવ નંબર | | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
| (૧) | | | | | |

2) કોર્પોરેશને મંજુર કરવામાં આવેલ ધિરાણ તથા ઠરાવેલ વ્યાજ તથા બીજા ખર્ચા ભરવા અમો લોન લેનાર બંધાયેલ છે. આ પ્રમાણે ન ચુકવવામાં આવે તો કોર્પોરેશન મુદ્દલ, વ્યાજ, દંડનીય વ્યાજ તથા બીજા ખર્ચા કોર્પોરેશન ઠરાવે તે ધોરણે આકારી તે દરે વસુલ કરી શકશે અમો લોન લેનાર પ્રથમ વ્યાજ ચુકવવા બંધાયેલ રહેશે તથા કોર્પોરેશન આ લોન, વ્યાજ તથા બીજા ખર્ચા જ્યારે માંગે ત્યારે આપવા કબુલીએ છીએ.

3) અમો લોન લેનાર આ લોનની રકમનો કોર્પોરેશને જે હેતુ માટે મંજુર કરેલ હોય તે હેતુના કામકાજમાં ઉપયોગ કરશે અને કોર્પોરેશન જ્યારે પુછે ત્યારે તે બાબતની સાબિતિનીનો સંતોષકારક પુરાવો રજુ કરશે.

4) લોનની રકમ તેની ઉપર ચડત તમામ વ્યાજ સાથે પાછા આપવાની જામીનગીરી તરીકે નીચે લખેલી મિલ્કત જે હાલ અમારી માલિકીના કબજામાં છે અને જે કાઈ પણ જાતનું રુણ, ભાર, ટાંચ, લોન અથવા હક્કમાંથી મુક્ત છે. તે કોર્પોરેશનને સાનગીરો તરીકે આપીએ છીએ. આ કરજ તેના ઉપર તમામ વ્યાજ, તમામ ખર્ચ, સાથે જે લ્હેણું થશે તે કોર્પોરેશન માંગે ત્યારે પાછુ વસુલ ન આપવામાં આવે તો વસુલ કરવા સારુ મજકુર કોર્પોરેશનને કાયદા અનુસાર સર્વે પ્રકારનો હક્ક/સત્તા ઉપાયો અને છુટ રહેશે. કરજની તમામ રકમ યા તેમાંથી વસુલ ભરેલી રકમ બાદ જતાં બાકી રહી હોય તે રકમના દેણને માટે નીચે જણાવેલ મિલક્ત જામીનગીરીમાં કાયમ બને, તે માટે એ મિલક્ત કોર્પોરેશનને સાનગીરોમાં લખી આપેલી ગણાય અને તે માટે ફરીથી દસ્તાવેજ કરવાની જરૂર રહેશે નહીં અમારી પાસે નિકળતું કોર્પોરેશનનું સઘળું લ્હેણું જે અમારી પાસેથી વસુલ ન થઈ શકે તો અમારી બીજી કોઈ પણ મિલક્તમાંથી અથવા હરેક રીતે કોર્પોરેશન વસુલ કરવાને મુખત્યાર છે તેમજ કોર્પોરેશનને તેની રકમ એકદમ વસુલ કરવાની જરૂર જણાય તે વખતે આપેલા હપ્તા અગર મુદત વધારી આપવામાં આવી હોય તેમ છતાં કોર્પોરેશન આખી રકમ સામટી પરત માંગી શકશે.

લોનની રકમ તથા તેની ઉપરનું તમામ ચડત વ્યાજ સાથે પાછા આપવાની જામીનગીરી તરીકે નીચે લખેલી મિલક્ત જે હાલ અમારી માલીકીના કબજામાં છે તે મિલક્ત ઉપર કોર્પોરેશનના બોજાની નોંધ કરાવી તે રજુ કરવાની જવાબદારી અમારી રહેશે.

5) અમોએ કોર્પોરેશનને સાનગીરો આપેલ મિલક્તનો આગનો વીમો, હુલ્લડનો વીમો જ્યાં સુધી મુદ્લ વ્યાજ તથા ખર્ચ સાથે ચુક્તે હિસાબે કોર્પોરેશનને પરત ન ભરીએ ત્યાં સુધી લખી આપેલ મિલક્તનો વિમો ઉતારી આપવા બંધાય છે અને તે આગના વિમાનો તથા હુલ્લડના વિમાનો જે કાંઈ પ્રિમિયમ અમોએ ભરવાનો રહેશે તે ભરવાને તથા આ લખી આપેલ મિલક્તનો જે કાંઈ ટેક્સ, શેષ અથવા સરકાર ધારો ભરવાનો હશે તે અમો ભરવા કબુલ થઈએ છે. અમો તે ભરવામાં કસુર કરીએ તો કોર્પોરેશન અમો વતી તે રકમ વસુલ કરવાને મુખત્યાર છે.

6) કોર્પોરેશનના હાલના તેમજ ભવિષ્યમાં થનાર નિયમો મુજબ અમો લોન લેનાર બંધાયેલા છે અને તે નિયમો દસ્તાવેજોની શરતો માફક ગણાશે.

| **લોન લેનારની વિગત** | **લોન લેનારના પિતાશ્રી/વાલી** |
|---|---|
| અહીં તાજેતરનો ફોટો ચોંટાડવો. | અહીં તાજેતરનો ફોટો ચોંટાડવો. |

**નામ :** ...................................................... **નામ :**..........................................................

**આધાર કાર્ડ નંબર**.......................................... **આધાર કાર્ડ નંબર**..............................................

**સહી :**...................................................... **સહી :**.........................................................

## મિલકતનું વર્ણન :

જીલ્લો..............................તાલુકો...................................ના...........................શહેર..............................
મધ્યના............................પટ્ટામાં..............................આવેલી નીચે જણાવેલ મિલક્ત...................................

| અ.નં. | સર્વે નંબર | પેટા નંબર | ક્ષેત્રફળ | ઉત્તર | દક્ષિણ | પૂર્વ | પશ્ચિમ | કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

આ દસ્તાવેજ લખી આપ્યો મુકામ :

**આજ તારીખ :** **માહે :** **સને :**

જામીનદાર (૧) જામીનનદાર (૨)

**નામ :**.............................................................. **નામ :**.......................................................

**આધાર કાર્ડ નંબર**.......................................... **આધાર કાર્ડ નંબર**..............................................

**સહી :**...................................................... **સહી :**.......................................................

**સક્ષમ અધિકારીશ્રીની સહી / નોટરીની સહી / સિક્કા**